**ક્રિમી.કેસ નંબર :                /૨૩ ના કામે આંક–૧ નીચે હુકમ : –**

**આજ રોજ રાષ્ટ્રીય લોક અદાલત છે. આરોપીને પોલીસે લાંબા સમય સુધી અદાલત સમક્ષ હાજર રખાવેલ નથી. આવા પડતર કેસો સબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી પણ અવારનવાર આદેશો આપવામા આવેલ છે. કેસોના ઝડપી નિકાલ તથા પુનઃ મુલ્યાંકન સબંધે (૧) નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીના પત્ર નં.૧૭૮/૧૮ તા.૨૩–૧–૧૮ તથા (૨) નામદાર ગુજરાત હાઈકોર્ટના પત્ર નં.૧૯૩/૧૭ તા.૨૦–૧–૧૭ તથા ત્યાર બાદના પત્રો વંચાણે લીધા. આરોપી ઉપર વોરંટ બજેલ નથી. તેમજ બજે કે વગર બજે પણ પરત આવેલ નથી. જે સબંધે અદાલત તરફથી અવારનવાર પોલીસ એજન્સીને અન્ય કેસોમા પણ ખુલાસા પુછવામા આવેલ છે. ફરીયાદપક્ષ આરોપીઓને અદાલત સમક્ષ હાજર કરી શકેલ નથી. જે સબંધે નામદાર મધ્યપ્રદેશ હાઈકોર્ટનો ચુકાદો State of M.P., Appellant v. Kalu Thawar and another, Respondents. ધ્યાને લેતા તેમા ડિવિઝન બેન્ચે ઠરાવેલ છે કે, <u>Police must always remember that it has a duty to the Court and they cannot lust send a challan and think that the rest will be done by the court</u>.**

**જેથી આ કામે પોલીસ એજન્સીને પુરતી તકો આપવા છતા આરોપીને હાજર રખાવી શકેલ ન હોઈ હાલના કામે આરોપી વિરૂધ્ધ પોલીસે ચાર્જશીટ દાખલ કરેલ છે તેમ છતા આ કામે આરોપીને હાજર રખાવેલ ન હોઈ ગુનાની સજાનો જોગવાઈ જોતા તેમજ કેસનો પ્રકાર જોતા કેસને વિશેષ લંબાવવા માટે કોઈ કારણ જણાતુ નથી.**

**નામદાર સર્વોચ્ચ અદાલતે AIR 2012 SC 3217 Hon'ble Judges:H.L.Dattu and Chandramauli Kr.Prasad JJ. Ranjan Dwivedi Versus C.B.I., Through The Director General with Ac. Sudevananda Avadhuta Versus C.B.I., Through The Director General ના ચુકાદામા ઠરાવેલ છે કે ક્રિમીનલ કોર્ટોએ ઉચિત કેસોમા ક્રિ.પ્રો. કોડ ક. ૨૫૮, ૩૦૯, ૩૧૧ ના પાવર્સ ન્યાયના હીતમા વાપરવા જોઈએ, જેમા નામદાર એપેક્ષ કોર્ટે ઠરાવેલ છે કે, <u>The criminal courts should exercise their available powers, such as those under Sections 309, 311 and 258 of the Code of Criminal Procedure to effectuate the right to speedy trial. A watchful and diligent trial Judge can prove to be a</u>**

**better protector of such right than any guidelines.**

વધુ ચુકાદા માટે નામદાર બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો **Mulchand Motilal Raka v The State of Maharashtra & Anr. 1996(2) Crimes 177 (Bom)**

જેથી તહોમતદાર સામેની કાર્યવાહી પડતી મુકવા હુકમ કરવામાં આવે છે. બીન કિંમતી મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવો. મુદ્દામાલ સબંધે વચગાળાના હુકમો કાયમી કરવા. રોકડ અપીલ સમય બાદ સરકાર દાખલ કરવી. મુદ્દામાલ જો છોડાવેલ ન હોય તો જે ઈસમ પાસેથી કબજે કરેલ હોય તે ઈસમને યોગ્ય ઓળખ લઈ પરત આપવુ. દારૂ નાશ થવા અર્થે નશાબંધી અને આબકારી વિભાગ તરફ મોકલી આપવો.

તા. ૯ સપ્ટે. સને ૨૩ ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| | | (બી. જે. પટેલ) |
| | | એડીશનલ ચીફ જયુડી. મેજી. વાપી. |
| | | કોડ નંબર જી.જે. ૦૦૯૭૭ |